# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-06-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# VIKSIT KRISHI SANKALP ABHIYAN

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, વિકસિત કૃષિ સંકલ્પ અભિયાને વૈજ્ઞાનિક સંશોધન અને પાયાની ખેતી વચ્ચેનું અંતર ઘટાડ્યું છે. તેનાથી વધુ ટકાઉ, નફાકારક અને નિકાસલક્ષી ભારતીય કૃષિ ક્ષેત્રનો માર્ગ મોકળો થયો છે. સુરતના બારડોલીમાં આજે વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનના સમાપન પ્રસંગે શ્રી ચૌહાણે આ મુજબ જણાવ્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લક્ષ્યાંક અંગે બોલતા શ્રી ચૌહાણે વ્યાપક "વિકસિત ભારત" પહેલના મુખ્ય ભાગ તરીકે "વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન" હેઠળ પાયાના કૃષિ પદ્ધતિઓ સાથે વૈજ્ઞાનિક સંશોધનના એકીકરણ પર પણ ભાર મૂક્યો.

(બાઈટ- શિવરાજ સિંહ ચૌહાણ, કેન્દ્રીય કૃષિમંત્રી)

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનથી રાજ્યના ચાર લાખથી વધુ ખેડૂતને લાભ થયો છે. તેમણે વિકસિત ભારતના લક્ષ્યને હાંસલ કરવામાં ખેતીની મુખ્ય ભૂમિકા પર ભાર મૂક્યો.

. . . . . . . . . . .

# AMDAVAD PLANE CRASH

અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ગુજસેલ પાસે આજે એક પેસેન્જર વિમાન તૂટી પડ્યું હોવાના અહેવાલ છે. ઘટનાની જાણ થતાં

જ અગ્નિશમન દળ અને પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી છે. અમારાં સંવાદદાતા જણાવે છે, બચાવ અને રાહત કામગીરીને સરળ બનાવવા દુર્ઘટના સ્થળ તરફ જતા તમામ રસ્તા બંધ કરી દેવાયા છે. જ્યારે ઈજાગ્રસ્તોને સારવાર માટે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. આ દુર્ઘટનાનું કારણ જાણવા વધુ તપાસ ચાલી રહી છે.

. . . . . . . . . . .

# AMDAVAD YOG

આંતરરાષ્ટ્રીય યોગ દિવસને લઈ આજે અમદાવાદમાં દૂરદર્શન પરિસર ખાતે યોગોત્સવ કાર્યક્રમ યોજાયો. 'એક પૃથ્વી- એક સ્વાસ્થ્ય માટે યોગ'ની વિષયવસ્તુ સાથે યોજાયેલા કાર્યક્રમમાં પ્રેસ ઈન્ફર્મેશન બ્યૂરો- P.I.B., C.B.C, યોજના, આકાશવાણી અને દૂરદર્શન અમદાવાદના અધિકારીઓ અને કર્મચારીઓએ યોગના વિવિધ આસન કર્યા હતા. આ અંગે એન્જિનીયરીંગ વિભાગના ડેપ્યુટી ડાયરેક્ટર આઇ.જી. પરમારે વધુ માહિતી આપી.

**(BYTE- I.G.PARMAR, Deputy Director, Eng.)**

. . . . . . . . . . .

# SUERENDRANAGAR CHECKING

સુરેન્દ્રનગરમાં કૃષિ વિભાગ દ્વારા રાસાયણિક ખાતરના વિક્રેતાઓની દુકાન પર આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી. અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે, તપાસ દરમિયાન જિલ્લાના 18 રાસાયણિક ખાતરના વેચાણ પરવાના મોકૂફ કરાયા. તેમજ અંદાજે 35 લાખ 99 હજાર રૂપિયાની કિંમતનો 395 મૅટ્રિક ટન જેટલો રાસાયણિક ખાતરનો જથ્થો સ્થગિત કબજે કરાયો.

. . . . . . . . . . .

# MEHSANA ST BUS

રાજ્યમાં આગામી 15 જને લોકરક્ષક દળ- LRDની પરીક્ષાના ઉમેદવારો માટે એસ.ટી. નિગમ દ્વારા વધારાની બસ દોડાવાશે. ત્યારે મહેસાણા અને પાટણ જિલ્લાના ઉમેદવારો માટે મહેસાણા વિભાગીય કચેરી દ્વારા 150 એસ.ટી. બસ દોડાવવાનો નિર્ણય કરાયો છે. બસ સેવાની જાણકારી મેળવવા માગતા ઉમેદવારો 1800—233—666 666 ટૉલ ફ્રી નંબર પર સંપર્ક કરી શકશે.

. . . . . . . . . . .

# MORBI DEMOLITION

મોરબી મહાનગરપાલિકા દ્વારા આજે વનવિક વન રોડ અંતર્ગત દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી. જેસીબી મશીનની મદદથી

નાના-મોટા અડચણરૂપ તમામ દબાણ દૂર કરાયા. આ અંગે મહાનગરપાલિકાના કમિશનર સ્વપ્નિલ ખરે વધુ માહિતી આપી.

(BYTE- SWAPNIL KHARE, MUNICIPAL COMMISSIONER-MORBI MUNICIPAL CORPORATION)

. . . . . . . . . . .

# DANG YOG SHIBIR

ડાંગ જિલ્લાના મહિલા અને બાળકચેરી દ્વારા કર્મચારીઓ માટે યોગ શિબિરનું આયોજન કરાયું. મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાન હેઠળ મહિલા અને બાળ કચેરીના કર્મચારીઓને યોગ અને પ્રાણાયામ કરાવવામાં આવી રહ્યા છે.

. . . . . . . . . . .